સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ઠરેલ ન હોય એમાં, ઉછ્રૂંખલતા ડોકાય છે,
અણધારી પ્રાપ્તિથી 'મદ'નો પવન ફૂંકાય છે,
ચૂકાય નમ્રતા, ટૂંકાય માન, ઉબકાય પ્રજા -
સજલ સ્રોત વિનાની નદી બે'દિમાં સૂકાય છે.
(ભાજપ-ચૂંટણી પરિણામો)

હાઈકુ

હાથ તો કર્યા
ને હવે થશે કાળા -
થોબડા પણ..
(કોલસા-ટેન્ડર)

કી પોસ્ટ પર -
સ્ત્રી-સશક્તિ કરણ,
થયું અમલી..
(સ્ત્રીયા-રાજ!)

ચિંતન

ત્યજન્તિ મિત્રાણી ધને વિહીનંદારાશ્ચ ભૃત્યાશ્ચ સુહૃજ્જનાશ્ચ ।
તં ચાર્થવન્તં પુનરાશ્રયન્તે અર્થો હિ લોકે પુરૂષસ્ય બંન્ધુઃ ॥

'જયારે મનુષ્ય પાસે ધન નથી હોતું ત્યારે તેનો મિત્ર, સ્ત્રી, નોકર-ચાકર અને ભાઇઓ-સગાં-સંબંધીઓ બધાં તેનો ત્યાગ કરી ચાલ્યાં જાય છે, પરંતુ જો તેની પાસે ફરીથી સંપત્તિ આવે તો તે બધાં છોડી ગયેલાં ફરી તેનો આશ્રય કરે છે અર્થાત્ પાછાં આવે છે. આ સંસારમાં માનવીય સંબંધો નહીં. પૈસા જ સર્વસ્વ છે.'

આ સંસારમાં સગાં છે સૌ 'સ્વાર્થ'નાં - આડોશ-પાડોશ, સ્નેહી-સંબંધી-મિત્રો, પરિવાર સૌ જીભની મિઠાશ અને આગળ-પાછળ થઇ 'હાથ-સ્વચ્છ' કરતાં હોય છે પણ પૈસો ન હોય અને ખરેખર જયારે માત્ર 'આશ્વાસન'ની જ જરૂર હોય ત્યારે કોઇ આશ્વાસન આપવાવાળું પણ આસપાસ ફરકતું નથી.

સંસાર-વ્યવહારમાં 'પૈસો' જ પ્રેમ છે સ્નેહ છે, સંબંધ છે, સગાં-સ્નેહી છે. પૈસાને કારણે જ બધું છે.

સુવિચાર

- આપણે એ વિચારવાની જરૂર નથી કે લોકો આપણા વિશે શું વિચારે છે.. કારણ કે આ કામ પણ આપણે કરીશું તો એ લોકો શું કરશે?? **- સંત એલિસ**
- માફ કરવાનો મતલબ કોઇ કેદીને આઝાદ કરવાનું છે, અને એ જાણવા જરૂરી છે કે તમે એ જ કેદી હતાં **- ડીઝરાયેલી**
- એજ સાચો ઝવેરી, સારહીન સંસારમાં, કાચ અને હીરામાં, જેને ફેર દેખાતો નથી **- શૂન્ય પાલનપુરી**
- આસમાન હંમેશા વાદળ પાછળ છુપાયેલું નહીં રહે **- પર્શીયન કહેવત**
- કોઇ આપણું 'ખાસ' મૃત્યુ પામે તો બહુ પીડા થાય છે, પણ એથી વધુ પીડા એ 'ખાસ' વ્યક્તિ વગર જીવતા રહેવામાં થાય છે **- ઓશો**
- 'કેવી રીતે જીવવું એ બાપુજી એ મને ક્યારેય ન સમજાવ્યું.. એ જીવી ગયા.. અને જે રીતે તેઓ જીવતા હતા એ જોવાનો મોકો મને આપતા રહ્યા' **- 'પિતૃસ્મૃતિ'માંથી સાભાર**
- સંકટભરી આ જિંદગીથી હારનારો હું નથી, સાગર ડૂબાડી દે મને એવો કિનારો હું નથી. મારે સદા અજવાળવા અંધકાર કેરા પંથ સૌ, ચમકીને ટૂટી પડે એવો સિતારો હું નથી. **- બેફામ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલના બગડેલ-વંઠેલ સંતાનો બાપાની બેનંબરી કમાણીનાં બાઇક-ઓડી લઇ બેફામ નીકળી પડે છે અને નિર્દોષ જિંદગીને કચડી બિંદાસ ફરે છે. દારૂ-જુગાર-ખાણીપીણીમાં પૈસા વેડફે છે. પૈસાં ક્યાંથી કેમ આવે છે એના પાછળનાં પિછાણ થાય તો સાચી સમજ આવે!

શેઠનો લાડકો દરરોજ દૂકાનને ગલ્લે બેસે ને હાથમારી પૈસા લઇ જાય. શેઠને ખબર હતી. તેથી તેને પરિશ્રમનો પાઠ ભણાવવા ઇચ્છતા હતા.

પુત્ર ગલ્લે બેસવા આવ્યો ત્યારે શેઠે તેને કહ્યું, તું પહેલાં દસ રૂપિયાની નોટ કમાઇને લઇ આવ પછી જ તને ગલ્લે બેસવા મળશે..

છોકરો ઘરે ગયો. બેન પાસે કરગરી દસની નોટ લઇ આવ્યો. બાપે કહ્યું આ બાજુમાં લુહારની ભઠ્ઠીમાં બાળી નાખ! છોકરાએ નોટ અગ્નિમાં નાખી. ગલ્લે બેઠો ને હાથ કારીગરી કરી ગયો.

બીજે દિવસે મા પાસેથી લાવ્યો અને એ પ્રમાણે જ નોટ બાળી નાખી. ગલ્લે કરામત કરી ગયો.

ત્રીજે દિવસે ખેતરે ગયો. મજૂરી કરી-માંડ પાંચની નોટ મળી. બાપે કહ્યું જા બાળી નાખ!

છોકરો ગુસ્સે થયો. કહ્યું, બાપા આખો દિ' મજૂરી કરી ત્યારે મને આ પાંચ રૂપિયા મળ્યા એને હું શા માટે બાળી નાખું?

શેઠ કહે મારે તને આ વાત જ સમજાવી હતી.

Email - sureshchandrabhatt18@gmail.com

...ચહેરા પર જરાક કટાક્ષ અને પ્રશ્નવાચક સ્મિત સાથે ઉત્તરની પ્રતિક્ષા કરતી તેની આંખો એકી નજરે તેને જોઇ રહી હતી, ક્યાં સુધી પુરૂષો નારીને અસહાય સમજવાનો ભ્રમ રાખશે?

નવાં કલેવર

- નટવર હેડાઉ

તે ખુશનુમા સાંજ હતી. હાથમાં કોફીનો મગ લઇ ફાલ્ગુની ગેલેરીમાંથી રૂના પૂંમડા જેવા પડતા બરફને ક્યાંય સુધી જોતી રહી. અદ્‌ભૂત દશ્ય હતું. પ્રકૃતિનું નૈસર્ગિક સૌંદર્ય ધવલ માયા, શાંત વાતાવરણ. તેનું ચિત્ત પણ તેની સાથે શાંત થઇ રહ્યું હતું. બધું જ જાણે પોતાની અંદર સમાવી લેવાની મહેચ્છા સાથે તે ઘણીવાર સુધી ત્યાં જ ઉભી રહી જતી હતી. અચાનક દેહમાં ધ્રુજારી આવતાં તેને ઠંડીનો અનુભવ કરાવી દે છે. અંદર જઇને તેણે ગરમ શાલ ઓઢી અને થર્મોસમાંથી એક મગ કોફી વધુ લઇ લીધી. ફરીથી બારી પાસે આવી બહારનું દૃશ્ય જોવાની લાલચ એ રોકી ન શકી. પર્વતોની ઠંકડ પણ પર્વતો જેવી જ સુંદર હોય છે. તે નસ્તરની જેમ ભોંકાતી નથી પણ એક રૂંવાડા ઉભા થવાનો અનુભવ કરાવે છે. મસુરીના એ ગેસ્ટ હાઉસમાં આગના તાપણાથી ગરમ થતો ઓરડો હવે તેના તન અને મન બંનેને સંતોષ આપી રહ્યો હતો.

થોડીવાર પછી તેણે બારી બંધ કરી. પાછી જઇને આગનાં તાપણાં પાસે મુકેલી આરામ ખુરશીમાં ઝુલવા લાગી. વિચારોના અથાગ સાગરમાં ડૂબતી-ઉતરતી કોણ જાણે ક્યાંથી ક્યાં પહોંચી ગઇ. સ્મૃતિઓની પણ એક અલગ દુનિયા હોય છે. ક્યારેક મીઠી યાદ તો ટૂકડો હોઠ પર સ્મિત ફરકાવી જાય છે. તો વળી બીજી પળે કોઇ કડવી યાદ કપાળે કરચલી પડવાનું કારણ બની જાય છે. અતિતમાં ખોવાઇ જતાં કેટલું ભૂલાયેલું યાદ આવી જાય છે. તેથી જ એકાંત પ્રિય લાગે છે. તેમાં પોતાની જાત સાથે વાત કરવાનો પુરો મોકો મળે છે.

તે દિવસે આકાશ સવારથી શાંત હતું. પણ થોડી જ વારમાં બરફ પડવાનો શરૂ થઇ ગયો. તેથી આખો દિવસ બહાર નીકળવાનું શક્ય બન્યું ન હતું. થોડીવાર પછી ફરી પાછી એ બારી પાસે આવે છે અને તેના કાચમાંથી બહાર જોવા લાગે છે. આકાશની તરફ જોતાં બરફને એકધારો પડતાં જુઓ તો એમ લાગે કે જાણે આપણે હળવાફૂલ બની આકાશની તરફ ઊંચકાઇ રહ્યાં છીએ. અને અનંત આકાશમાં તરવાનો અહેસાસ થવા લાગે છે.

આ મધુર અહેસાસથી સંવેદિત થતાં અચાનક તેની નજર સામેનો ગેલેરી તરફ જઇ અટકી ગઇ. આજે પણ એ બારણાને ટેકો દઇ હલચલ વિના વિચારમગ્ન ઊભો હતો. તેની શુન્યતાને વિંધતી નજર અને કપાળ પર પડેલ સળ રોમાંચ ઉત્પન્ન કરતા હતા. અસંખ્ય ભાવ સાથે મૌન કેટલું બધું કહી દેતું હોય છે. છેલ્લા બે દિવસથી ફાલ્ગુનીની ઉત્સુકતા વધી રહી હતી. કોણ હશે, અહીં શું કામ આવ્યો હશે? સુખી હશે કે દુઃખી? જીજ્ઞાસાવશ તેના વિચારો લંબાતા જતા હતા. લોકોના ચહેરા વાંચવાનું તેના વિચારો લંબાતા જતા હતા. લોકોના ચહેરા વાંચવાનું તેને જરા રોમાંચિત કરતું હતું અને જયારે એ તેમાં સફળ થઇ જતી ત્યારે એક નવી જ વાર્તાનો તેમાંથી ઉદ્‌ભવ થતો. પ્રવાસની સાથે આ રીતે આંખે નિરખેલ વાર્તાઓ લખવાનો તેને ખુબ શોક હતો. એ કદમાં ઊંચો, થોડો ઘઉંવર્ણો, દુબળી કાયા ઝભ્ભા પર સલવાર ઉપર તેણે શાલ ઓઢી હતી. જેનો એક છેડો જમીનને અડકતો હતો. તેના વ્યક્તિત્વમાં એક અનોખું આકર્ષણ હતું. અનોખું શબ્દ કહેવો જ બરાબર લાગે. અચાનક ઠંડી હવાની એક લહેરખી તેને ધ્રુજાવી ગઇ. ઠંડકનો અનુભવ થતાં તેણે પાછું વળીને અંદર જોયું. તાપણાંની આગ ઓછી થઇ ગઇ હતી. તેણે થોડાં લાકડાં નાંખી આગને સંકોરતા એક મોટી જવાળા ઉત્પન્ન થતી જોઇ અને તેની નજીક ખુરશીમાં બેસી ફરી ઝુલવા લાગી.

હવે અંદરની અભિવ્યક્તિના વાદળો ઉમટવા લાગ્યાં. પેન લઇને વિચારે છે કે આ અહેસાસને તરત કાગળ પર ઉતારી દઉં. લખવું એ તો તેનો પ્રિય વિષય છે. કેટલાય દિવસથી એ કંઇક લખવા માંગતી હતી. તેથી રાહત મેળવવા જ એ અહીં મસુરી ચાલી આવી હતી. પણ શરૂઆતની થોડી પંક્તિઓ મળતી જ નહોતી. કંઇ જામતું નહોતું. આજે આ ખામોશ નાયકના ભાવો વાંચી તેની વાર્તા લખશે. ડાયરી લેવા તે બારી પાસેના કબાટનું ખાનું ખોલવા જતાં એકવાર ફરી બહાર જોઇ લેવાનો લોભ છોડી ન શકી.

ડાયરી લઇને પાછા ફરતાં તેણે ફરી એક વાર બારીની બહાસ જોયું. હવે તે ત્યાં નહોતો. ક્યાં ગયો? તેણે આમ તેમ લોન અને ત્યાં પડેલી ખુરશીઓ પર નજર દોડાવી તેને શોધવાની બહુ કોશિશ કરી. પણ વાર્તાનો નાયક ખોવાઇ ગયો હતો. નિરાશ થઇ ધીમા પગલે પાછી ફરી એ બેસી ગઇ. તેને એ વિરાનતાનો સાથી લાગવા લાગ્યો હતો. થોડીવાર એ ભાવહીન બેસી રહી. પછી લખવાનું મન જ ન થયું. જાણે કે પ્રેરણાશ્રોત સુકાઇ ગયો એ વિચારોએ પણ સાથ ન આપ્યો. રાત્રે જમ્યા પછી થોડીવાર તે વાંચતી રહી. કેમ કે ક્યાંક સુધી તેને ઊંઘ આવવાનું નામ લેતી ન હતી.

બીજે દિવસે સવારે છ વાગ્યે કોલબેલના અવાજ સાથે તેની ઊંઘ ઊડી. બારણું ખોલીને જોયું તો છોકરો ચ્હાની ટ્રે લઇને ઊભો હતો.

'બેટાં, ટેબર પર મૂકી દે.' કહીને તે બારીના પડદા ખસેડવા લાગી અને અજાણતાં જ તેની નજર ફરી સામેની ગેલેરીમાં ગઇ. આ નજર પણ કેવી ઝડપથી ક્યાંથી ક્યાં પહોંચી જતી હોય છે. ટ્રેને ટેબલ પર મુકતાં છોકરો બોલ્યો.'મેડમ નાસ્તો ક્યાં કરશો? આજે બહાર તડકો સારો નીકળ્યો છે. લોનમાં બેસીને ચ્હા પીવાનું તમને જરૂર ગમશે.'

પેલા સામેના રૂમમાં કોણ છે?' અચાનક પોતાનાથી પુછાઇ ગયેલ પ્રશ્નથી તેને પોતાને પણ આશ્ચર્ય થયું.

'જી, એ સાહેબ ત્રણ દિવસથી ત્યાં છે. બહુ ઓછું બોલે છે.' તેથી વધુ કંઇ ખબર નથી એમ કહીએ જતો રહ્યો.

વિચિત્ર સાહેબ છે. કોઇ સાથે બોલતો કેમ નથી? આખો દિવસ એકલો શું કરતો હશે? અરે! થોડી કોઇ સાથે વાત કરે તો મન હળવું થાય. મારે શું મને તો વાર્તા માટે એકાદ પ્લોટ મળી રહેત.' તે પોતાની જાત સાથે સંવાદ કરતી હતી.

બરફ પડયા પછી તેના પર ફેલાયેલાં ફુમળો તડકો તેને બહુ ગમે છે. થોડીવાર પછી ન્હાઇ ધોઇને સાડીનો પાલવ વ્યવસ્થિત કરતાં તે પોતાની જાતને અરીસામાં જૂએ છે. અરીસામાં જોવું તેને બહુ ગમતું નથી. તેનો આત્મવિશ્વાસ ડગવા લાગે છે. કોઇ ગમે તે કહે કે તે ખુબ સુંદર છે છતાં તેને પોતાના ચહેરા પર કંઇને કંઇ ખોટ દેખાઇ જ જાય છે. જો આ આંખો થોડી મોટી હોત તો, તેના પર લગાવેલ કાજળ તેને કહેરાઇ આપત, આ નાક જરા અણીદાર હોત તો તેના પર હીરાની ચૂંક કેવી સુંદર સાદત. આમ તો તેને પોતાનો શ્યામ રંગ બહુ ગમે છે. પણ થોડો ઉજળો હોત તો... બે જ દિવસમાં પર્વતની હવાની માદકતાથી તેનો ચહેરો કેવો લાવણ્યથી ખીલી ઉઠ્યો છે.

તેણે શાલ ઓઢી અને વાળ જરા ભીના હતા તેથી તેને ખુલ્લા રહેવા દઇ એ લોન તરફ ગિ.

પર્વતો પરનું આખાશ જો સ્વચ્છ હોય તો હિમાચ્છાદિત શિખરો અને આજુબાજુ ફેલાયેલા બરફ પર વિખરાયેલા સુર્ય કિરણોની છટા મનોહારી લાગે છે. હવામાં ઠંડક હતી પણ સોનેરી તડકામાં પહાડોની ખીણનું સૌંદર્ય જોવાનો મોહ તે છોડી શકી નહીં. શાલને જરા ખેંચી ને ઓઢી પછી સામે હિમાલયના બરફથી ઢંકાયેલા પહાડોને જોતાં સ્મૃતિઓની અગાધ ખીણોમાં તે વિચારવા લાગી.

સુકાયેલા વાળની લટો વારંવાર હવાની સાથે ચેના ચહેરા પર વિખરાતી હતી. તેને ભેગી કરી બાંધવા માટે તેણે હાથ ઊંચો કર્યો ત્યાં જ તેને સંભળાયું.

'એને વિખારાવા દો, એમ જ ઉન્મુક્ત, કોણ જાણે તેને બાંધવા - બંધાવાના સ્વભાવમાંથી માનવ ક્યારે મુક્ત થશે.'

તેણે પાછું વળીને જોયું એ જ એકલતાનો સંગાથી થોડી વધી ગયેલ દાઢી અને બેદરકારીના ભાવ સાથે ઊભો હતો. કદાચ બંધનમુક્તિનો ભાવ લઇને.

(અનુસંધાન પાના નં. ૬ પર)

છુપકે... છુપકે...!! છુપા કેમેરાની કમાલ મંત્રીની ધમાલ...!!

નેતા કેરી કાકલૂદી, સ્વાર્થ કેરા જાપ બંધ, બબાલો બખેડાના ઘરના આલાપ બંધ
મેં જરા અકળાઇને કીધું, જાણો છો કોણ છું? થઇ ગયા છૂપા કેમેરાઓ આપોઆપ બંધ

રાત્રે દાળઢોકળી બનાવી એટલે હું તારા પર ખીજાયો આવું આખી દુનિયાને ખબર જ કેવી રીતે પડ્યું?

આવો સવાલ અકળાઇને ગુસ્સે થયેલાં મંત્રીમહોદયે એમની શુક્રવારે જીવંતીકાનું વ્રત કરી લાલ સાડીમાં સજ્જ એમની સૌભાગ્યવતીને કર્યો. પતિનો ગુસ્સો શાંત કરવાં એમણે કહ્યું, 'સાંભળો છો, તમારાં પીએએ કહ્યું હશે એ પીળાં પત્રકારત્વથી ફેટ ભરતાં પત્રકારોને. એમને જયાં ને ત્યાં ડુક્કરની જેમ ગંદકીમાં નાક ઘુસાડવાની ટેવ હોય છે.'

પત્નીના ખુલાસાથી સમાધાન ન થતાં મંત્રીમહોદયે પીએને બોલાવ્યો. એટલામાં તો ટીવીનાં 'ખળભળાટ' ચેનલ પર મંત્રીનાં ઘરની અન્ય ગોપનીય બાબતો 'લાઇવ' બતાવાતી હતી. એક દંશ્યમાં મંત્રીજી પત્નીની નજર ચૂકીને બટાકાવડાં મોઢામાં ઘુસાડતાં હતા એ દંશ્ય હતું. તો બીજી ક્લિપીંગમાં એમનાં સફારીનું બટન બરાબર પેટની જગ્યાએ જ કેમ તૂટે છે એ વિષય પર બબાલ કરતાં પત્ની સાથે ફેમીલી સંવાદ કરતાં થઇ ગયેલાં બતાવાતાં હતા!!

'આ બધી શું મજાક માંડી છે? કોણે બેસાડ્યાં છે આપણાં ઘરમાં છૂપા કેમેરા?' મંત્રીજી પીએ પર બગડ્યા.

'સાહેબ, આજેજ તપાસમંચ સમિતિની રચના કરવા આપણાં ગૃહખાતાને પત્ર લખી નાંખું છું.' પીએએ સરકારી જવાબ આપ્યો.

'એની કાંઇ જરૂર નથી. ઘર કોનું છે? મારું ને? એટલે હું જ આ ઘરનો ગૃહમંત્રી થયો કે નહીં? એટલે હું જ તમને આદેશ આપું છું કે આપણાં ઘરમાં કોણે છૂપા કેમેરા બેસાડ્યાં છે અને એ પાછળનો એમનો હેતુ શો છે? મંત્રીએ ફરમાન છોડ્યું.'

પીએ એક હાથથી પરસેવો લૂંછતો અને બીજા હાથમાં ફાઇલ સાચવતો ઝડપભેર બહાર નીકળ્યો. જગ્યા પર બેસીને એણે પટાવાળાને ગ્લાસ પાણી પિવરાવવા કહ્યું, 'સાહેબ તમને સાહેબે બહુ ખખડાવ્યા છે કે શું?' એણે ચચરતો પ્રશ્ન પુછ્યો. 'તને કેટલીવાર કહેવાનું કે દરવાજા બહાર ચોરીછૂપીથી કાન માંડીને અમારી વાતો સાંભળવી નહીં.'

'સાહેબ, ચોરીને શું કામ જોવું? હમણાં ટીવી પર બધું જ જોયું. એટલે તમે પરસેવો લુંછતા હતા એ પણ.' પટાવાળાનો જવાબ સાંભળી પીએ વધુ ગૂંચવાઇ ગયો.

એણે બંગલામાં કામ કરતાં સૌ કર્મચારીઓને ભેગા કર્યા. 'અરે આપણાં ઘરની બધી વાતો બહાર લીક થાય છે, અને તમે લોકો અહીં કરો છો શું?'

સુપરવાઇઝર બોલ્યો, 'સાહેબ, બધાં લીકેજ હમણાં જ તો રિપેર કરાવ્યા છે. જે દિવસે મોદી સાહેબ બોલ્યાં કે આજ પછી સરકારમાં કશું લીકેજ નહીં હોય. અમે એમનું ભાષણ સાંભળી તરત જ બધાં નળ ચેક કરી રિપેર કરાવી લીધાં.'

'હું એ લિકેજની વાત નથી કરતો. અરે, ઘરની ક્ષણેક્ષણની માહિતી બહારની દુનિયાને ખબર કેમ પડે છે? એ લીકેજની વાત કરું છું.'

'સાહેબ, બધા બારી બારણા ચેક કરી દઉં?'- કર્મચારી.

'બધી બારીઓને કાળા કાગળ લગાડી દો. બારણાં સદૈવ બંધ જ રહે એની કાળજી લો. અને હા ભીંતની વિશેષ રૂએ કાળજી લો. કોઇને પણ પરવાનગી સિવાય અંદર આવવા દેશો નહીં. ભલું થાય એમાંનું જ કોઇક જાસૂસી પણે વીડિયો શુટીંગ કરતું હોય.'

'સાહેબ, આમાં ભીંત કેમ વચ્ચે લાવ્યાં? એ તો ચૌદની બનાવેલી છે. સાઉન્ડ પ્રુફ અને બુલેટપ્રુફ છે.' કર્મચારીએ માહિતી પુરી પાડી.

'તમે બહુ કાચાં પડો છો. અરે, દિવાલને કાન હોય છે એવી કહેવત સાંભળી છે કે નહીં?' પીએ અકળાઇને ઊંચા અવાજે બોલતો હતો.

'ઓ. કે. બધી દિવાલના કાન કાઢી નાંખું છું.' - કર્મચારીએ ટિપિકલ સરકારી જવાબ આપ્યો.

'ઠીક છે, તમે કાને લાગો, સૉરી કામે લાગે.' એમ કહીને પીએ એ કર્મચારીને ધંધે લગાડ્યો.

એ કર્મચારી પાછો એના સાહેબ જોડે ગયો. એ એમને બધો રીપોર્ટ જતો જ હતો ત્યાં એ સાહેબ બોલ્યાં, 'અરે, એ પી.એ. જોડે શું ચર્ચા કરતો હતો ક્યારનો? આમ જો મંત્રીના પીએના મોંઢે બહુ લાગવું નહીં. કાલે કદાચ તને આ બંગલામાંથી બદલીને બીજે પણ મુકી શકે.'

'સાહેબ, તમને કેમ કરીને ખબર પડી કે હું પીએ સાહેબ જોડે આટલી વાતો કરતો હતો?' કર્મચારીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. અરે ભઇલાં બ્રેકિંગ ન્યૂઝમાં હમણાં જ તને જોયો ને!!

બંગલામાં આવી બધી બબાલ ચાલતી હતી ત્યાં બંગલા બહાર ટીવી ચેનલવાળાનાં ઝૂંડ ઉતરી આવ્યા હતા. એમાંથી એક રીપોર્ટર બંગલા સામે ઉભો રહી કેમેરા તરફ મોઢું રાખી મોટે મોટેથી ન્યૂઝ આપતો હતો.

રિપોર્ટર બોલવા લાગ્યો. આજ છે એ બંગલો. જયાં અમારા કેમેરા ક્યારેય પહોંચી શક્યા નથી, પણ ત્યાં આજે ગુપ્ત કેમેરાએ ઘુસ મારી સમગ્રવિશ્વને મંત્રીમહોદયની ક્ષણેક્ષણની માહિતી આપી રહ્યો છે. કેમેરાની બીકથી તેઓ ઘરમાં નરમ ઘેંશ બની સૌ સાથે પ્રેમથી વર્તી રહ્યા છે. એમને ખાવા-પીવાનું (આંખ મિચકારીને) છોડી દીધું છે. એમને નહાવા જવાની પણ બીક લાગે છે. એમણે એમની પત્નીને પણ નહાવા પર મનાઇ ફરમાવી છે. કપડાં બદલવાં પણ તેઓ મંત્રાલયમાં જવા લાગ્યાં છે. પત્ની સાથે હવે તેઓ બહેરાં-મૂંગાની ભાષામાં વાત કરે છે. ઘરમાં કોઇએ જાદૂટોના કે રેકી તો નથી કરીને એવી સંકા સાથે બારણે એમને લીંબુ મરચાં લટકાવી દીધાં છે. અને આ બીક માત્ર અમારી સમક્ષ જ રજૂ કરી છે. હજુ એમને શું શું કર્યું છે અને કેવો ડર પેઠો છે એ જાણવા અમારી ચેનલ બદલ્યા વગર એમને એક્સક્લુસિવ ઇન્ટરવ્યુ જોવાનો ચૂકશો નહીં. પણ આ એક કોમર્શિયલ બ્રેક કે બાદ!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

તમને સમય નથી તો કોઈને સમય નથી

ગુલમહોર

- દિનેશ દેસાઈ

અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી, પ્રખર વક્તા અને લેખક જે. કૃષ્ણમૂર્તિ (જન્મ-૧૮૯૫, નિધન-૧૯૮૬)એ ''ધ ઍન્ડિંગ ઑફ ટાઈમ'' પુસ્તકમાં માનવી, જીવન અને જીવનમાં સમયના મહત્ત્વ વિશે ઘણું બધું કહ્યું છે. તેઓએ કહ્યું છે કે ''સમય આપણો શ્રેષ્ઠ મિત્ર છે. સમયને ઓળખતા શીખો. સમય હાથમાંથી સરી જતી રેતકણ જેવો છે. એને નાહકનો સરી જવા દેશો નહીં. એક એક રેતકણને નિચોવી લેજો, કસ કાઢી લેજો. સમયનો શ્રેષ્ઠ ઉપયોગ અને સમયનું શ્રેષ્ઠ આયોજન જ તમને શ્રેષ્ઠ અથવા કનિષ્ઠ બનાવી શકે છે. સમયથી સંબંધોના સરવાળા અને બાદબાકી પણ થાય છે.''

સમય અને સંબંધને સાવ નજીકનો નાતો છે. આપણે સમયના સંબંધની વાત પણ કરીએ. દરેક સંબંધ સાથે સમયને પણ સંબંધ છે. મા-દીકરા, બાપ-દીકરા, ભાઈ-બહેન, કાકા-ભત્રીજા, મામા-ભાણા-ભાણી, મિત્ર-મિત્ર, પ્રિયતમ-પ્રિયતમા, પતિ-પત્ની અને પડોશી-પડોશી કે પછી કોઈ પણ સંબંધ ધરાવતી બે વ્યક્તિ વચ્ચે સમયને સીધો સંબંધ હોય જ છે.

જ્યારે દીકરાને કે દીકરીને શાળાએથી લાવવાનો કે મૂકવા જવાનો હોય ત્યારે વર્કિંગ વૂમન મમ્મી કે પપ્પા કહેતા હોય છે કે ''આજે મને સમય નથી...'' બાળક આવા સંવાદ સાંભળતો હોય છે. એક જ સિચ્યુઍશન બીજી વાર આવે છે. બીમાર મમ્મી કે પપ્પાને ક્લિનિકમાં ચૅક-અપ માટે લઈ જવાના હોય છે ત્યારે દીકરાનો જવાબ એવો આવે છે કે ''આજે મને સમય નથી.''

તમે જ્યારે કોઈને એમ કહો છો કે ''આજે મને સમય નથી'', ત્યારે તમને એવો વિચાર પણ આવવો જોઈએ કે આવો જવાબ સાંભળીને સામી વ્યક્તિને કેવું દુઃખ થતું હશે. કારણ કે જ્યારે કોઈ વ્યક્તિએ તમારી પાસે કોઈ બાબતે અપેક્ષા વ્યક્ત કરી હોય તો એનો અર્થ જ એ થાય છે કે એ વ્યક્તિએ તમારા ઉપર શ્રદ્ધા અને ભરોસો મૂક્યાં છે. તમારો એક ઈનકાર, તમારી એક ''ના...'' તમારી પાસે આશા લઈને આવેલી વ્યક્તિને કેવી નિરાશ કરી મૂકે છે, એ પણ વિચારવા જેવું છે.

> **જીવનનું ગણિત પણ સાવ સીધું સાદું છે, તમને સમય નથી તો કોઈને સમય નથી, જ્યારે તમને બીજા કોઈ માટે સમય ન હોય તો બીજા કોઈ પણ માણસને તમારા માટે સમય ન જ હોય, અમેરિકા અને પશ્ચિમના બીજા દેશોમાં વીક-ઍન્ડ કલ્ચર છે, પોતાના પરિવારજનો યા પ્રિયજન સાથે સમય વીતાવવા માટેની વ્યવસ્થા**

જીવનનું ગણિત પણ સાવ સીધું સાદું છે. તમને સમય નથી તો કોઈને સમય નથી. જ્યારે તમને બીજા કોઈ માટે સમય ન હોય તો બીજા કોઈ પણ માણસને તમારા માટે સમય ન જ હોય. અમેરિકા અને પશ્ચિમના બીજા દેશોમાં વીક-ઍન્ડ કલ્ચર છે. સોમવારથી શુક્રવાર કામકાજ કરવાનું અને શનિવાર તથા રવિવાર દરેક વ્યક્તિ પોતાના પરિવારજનો યા પ્રિયજન સાથે વીતાવે. વીક-ઍન્ડ કલ્ચર એટલે પરિવાર અને પ્રિયજનો સાથે સમય વીતાવવાની વ્યવસ્થા. સમય તો રેતઘડીમાં સરકતી રેત જેવો છે અને સરકી ગયેલો સમય પાછો ફરતો નથી.

દરેક માણસ પોતપોતાના નોકરી યા ધંધાના કામમાં મગ્ન રહેતો હોય છે. એની વ્યવસ્તતાને વખોડી શકાય નહીં. કારણ કે એ જ ઘરનો મુખ્ય માણસ છે કે જે પોતાના પ્રિયજનો અને પરિવારજનો માટે જ તો મહિનાભર કામકાજ કરે છે કે વળી ઑવરવર્ક – ઑવરટાઈમ પણ કરે છે. પરંતુ પ્રિયજનો અને પરિવારજનોને હંમેશા ફરિયાદ રહેવાની કે ''મારા ડેડી ઘર-પરિવાર માટે સમય આપતા નથી.''

અમેરિકાના વેપારીએ ખુબ સરસ વાત કરી છે : ''જો આપણે માણસની સરેરાશ ઉંમર ૭૫ વર્ષ માનીએ તો એક વર્ષમાં ૫૨ (બાવન) શનિવાર આવતા હોય છે. તેનો ગુણાકાર કરીએ તો ખ્યાલ આવે કે એક માણસને જિંદગી દરમિયાન ૩,૯૦૦ શનિવાર અને રવિવાર – વીક-ઍન્ડ માણવા માટે મળે છે. મારી ઉંમર અત્યારે ૫૫ વર્ષ છે. એટલે કે અત્યાર સુધીમાં મેં ૨,૯૦૦ શનિવાર અને રવિવાર પસાર કરી દીધા છે. હવે મારી પાસે ફક્ત ૧,૦૦૦ વીક-ઍન્ડ જ બાકી બચ્યા છે. મારા પરિવાર અને મિત્રો માટે મારી પાસે આટલો જ સમય બાકી રહ્યો છે. ખુબ વિચાર કર્યા બાદ મેં જુદી જુદી દુકાનોમાંથી કુલ મળીને ૧,૦૦૦ લખોટી ખરીદી લીધી. કાચની મોટી બરણીમાં આ તમામ લખોટીઓ મેં ભરી દીધી. દર શનિવારે, દર વીક-ઍન્ડમાં હું એક-એક લખોટી બરણીમાંથી બહાર કાઢું અને ફેંકતો જઉં. જેમ જેમ લખોટીઓ ઓછી થાય એના પરથી મને ખ્યાલ આવે કે હવે સમય પણ ઓછો થતો જાય છે. બરણી ખાલી થવા માંડે એના પરથી મને હજુ વધુને વધુ સમય મારા પરિવાર અને મિત્રો વગેરે સાથે પસાર કરવાની ઈચ્છા વધવા માંડે. અગત્યનાં કામની યાદી પણ બનાવી છે. જીવનના ઓછા થતા દિવસોની સંખ્યા આપણને બાકી રહેલા દિવસો જીવવા યોગ્ય કેવી રીતે બનાવી શકાય, એ વાત પણ સમજાવે છે. શું તમને કદી ક્યારેય લખોટીઓ ખરીદવાનો વિચાર આવે છે ખરો?''

જ્યારે આપણા પરિવાર કે પ્રિયજનની આપણી પાસે અપેક્ષા હોય અને આપણે તે પુરી ન કરી શકીએ તો એ ખાલીપો પછી ક્યારેય ભરાતો નથી. કોઈ વ્યક્તિ આપણને યાદ કરે, આપણી પાસે કોઈ કાર્યની અપેક્ષા રાખે કે પછી કામ હોય ત્યારે જ ભલે યાદ કરે. આપણા માટે સૌથી અગત્યની બાબત એ છે કે કોઈ વ્યક્તિને ક્યારેક તો આપણી યાદ આવી.

સ્વજન અને સમય તથા સંબંધ અને સમય એકમેક સાથે જોડાયેલાં પરિમાણ છે. સ્વજન માટે સમય આપવો જ જોઈએ. સંબંધ હોય તેમની સાથે પૂરેપૂરો સમય સાથે ગાળવો જ જોઈએ. આજની ગતિશીલ જિંદગીમાં સમય કોઈની પાસે ન જ હોય. સમય ક્યારેય કોઈ પાસે ન પણ હોય, પરંતુ સમય કાઢવો પડે. સમય ફાળવવો પડે, એમાં જ સંબંધની અને લાગણીની ગરિમા છે. તમારે આત્મનિરીક્ષણ કરવું જોઈએ.

સ્ટોપર :

"You Have to Find Out Yourself."

– જે. કૃષ્ણમૂર્તિ